અભિનંદન પત્રિકા.

શ્રીમાન્ ધર્મજિજ્ઞાસુ બંધુ,

શેઠ દલીચંદભાઈ વીરચંદભાઇ.

આપશ્રી એક ધર્મપ્રેમી જૈન ધર્મી હોવા છતાં સાર્વજનિક કામોમાં મુખ્ય ભાગ લો છો, કેળવણીના આશ્રયદાતા છો, અને સુરતમાં ચાલતા જૈન વિદ્યાર્થી આશ્રમના પ્રમુખ છો, સુરત બાલકાશ્રમના પ્રમુખ છો, સુરત ધરમચંદ ઉદેચંદ જૈન જીર્ણોદ્ધાર ફંડના મેનેજીંગ ટ્રસ્ટી છો, શ્રી આણંદજી કલ્યાણજીની આપણી જૈનોની મહાન પેઢીના સુરત તરફથી પ્રતિનિધી છો તથા કતારગામ જૈન દેરાસરના કાર્યવાહક છો તથા અનેક જૈન વિદ્યાર્થીઓને તથા બંધુઓને ઉત્તેજન આપો છો, તેમજ શ્રીમાન્ મોહનલાલજી જૈન શ્વે. જ્ઞાન ભંડારના સભાસદ છો, વીગેરે અનેક ધાર્મિક તથા જાહેર કામોમાં આગેવાની ભર્યો ભાગ લો છો અને ભંડારને અંગે પ્રસિદ્ધ થતા સૂત્રાગમોના સટીક ભાષાંતરમાં રૂા. ૧૧૦૧) આપી મહાન્ પરોપકારનું કૃત્ય કર્યું છે તેથી આ ખાતા સાથે આપશ્રીના દાદા શેઠ લખમાજી જીવણજીનું નામ જોડવામાં આવ્યું છે, અને અમને ઉમેદ છે કે તે પ્રમાણે અનેક ધર્મનાં કાર્યો કરતા રહેશોજી.

શ્રી. મોહનલાલજી જૈન શ્વે. જ્ઞાન ભંડાર ગોપીપુરા—સુરત.	શા. ફકીરચંદ નગીનચંદ ઝવેરી શા. ચુનીલાલ ગુલાબચંદ દાળીયા.

પ્રસ્તાવના.



આચારાંગ સૂત્રનો ત્રીજો ભાગ આપને મળેલ છે. આ ચોથા ભાગમાં ૭, ૮, અને નવમું અધ્યયન છે. દરેક અધ્યયન મોક્ષાભિલાષી સાધુ શ્રાવકોને વારંવાર વાંચવા જેવું છે. છઠ્ઠા અધ્યયનમાં કર્મ ધોવાનું છે. આઠમામાં મોક્ષનો વિષય છે, અને નવમામાં મહાવીર પ્રભુએ તપ કરી બીજા સાધુઓને તપ કરવાનું સૂચવ્યું છે. સાતમું અધ્યયન આચાર્યોએ લોપ કર્યું છે. બાકીનાં ત્રણ અધ્યયનો મૂળ સૂત્ર નિર્યુક્તિ અને ટીકાના ભાષાન્તર સાથે આ ભાગમાં આપેલ છે તે લોકોની અનુક્રમણિકામાં જોવાશે. તથા આગમોદય સમિતિનું છપાએલ ટીકાવાળું સૂત્ર જેમની પાસે હોય તેમણે ટીકા પાસે રાખીને વાંચવું. અને ત્યાં સુધી સરળ અર્થ કરવામાં આવ્યો છે, પણ જ્યાં [illegible] શબ્દ ન મળી આવ્યો ત્યાં જગ્યા રાખી છે.

નિર્ણયસાગર પ્રેસ તથા વિદ્વાનોનું સંશોધન જોતાં આ કાર્ય કેટલી પરિશ્રમનું છે. છતાં કંઈક પણ ફાયદો જાણીને અને તેના [illegible] બીજી આવૃત્તિમાં [illegible] સમય [illegible] હોય પણ વિદ્વાન [illegible] કામ કરીને [illegible] હેતુથી આ કાર્ય તૈયાર થાય છે. [illegible] અને [illegible] જિન વચનને [illegible] વારંવાર [illegible] કરી, તો તેમ [illegible] જાણવાનું [illegible] [illegible] થાય છે અને [illegible] ભાગમાં [illegible] [illegible]

વિષય અનુક્રમણિકા.

ધૂત અધ્યયન—

૧૫૨-૧૫૬ સૂત્ર ૨૦૩ માં સાધુ દોષિત આહારનો નિષેધ કરે, તથા ધર્મકથા સુપાત્ર દાન અને પ્રાસુ આહારની વિધિ બતાવે છે.

૧૫૭-૧૫૮ કુશીલીયા સાધુને આહાર આપવો કરવાનો નિષેધ છે, સમનોજ્ઞને આપવા લેવાની વિધિ છે.

૧૫૯-૬૪ સૂ-૨૦૭ સાધુને મારે તો સમભાવે સહન કરે.

૧૬૫-૬૭ સાધુ ઠંડથી કંપતાં ગૃહસ્થને કુશીલીની શંકા થાય તો ખરી વાત સમજાવી શંકા દૂર કરવી,

૧૬૮-૬૯ સાધુ ઉપર સ્ત્રી મોહિત થાય તો સાધુએ પ્રાણ ત્યાગ કરવા પણ કુશીલ ન સેવવું. તેમાં પ્રથમ જિન કલ્પિ સ્થવિર કલ્પિનાં ઉપકરણોનું વર્ણન છે. સાધુ ઉંચ ગુણસ્થાને ચડી વસ્ત્રો ત્યાગે.

૧૭૦-૧૭૩ ઓછાં વસ્ત્રોનો લાભ.

૧૭૪-૧૭૬ સ્ત્રીના ઉપસર્ગમાં આત્મ હત્યાનાં કારણો.

૧૭૭-૧૮૦ અનેષણીય આહાર સાધુ ન લે.

૧૮૧-૮૪ પ્રતિમાધારી સાધુઓનું વર્ણન-તે શરીરથી થાકતા ભક્ત પ્રત્યખ્યાન અણસણ કરે.

૧૮૫ ૮૯ સાધુ એકત્વ ભાવના ભાવે, તથા જીભ દાંતથી આહારનો સ્વાદ ન કરે, ગોચરીના ૫ દોષ ત્યાગવા.

૧૯૦-૯૭ ઇંગિત મરણ (અણસણ) નું વર્ણન.

૧૯૮-૨૦૪ પાદપોપગમન અણસણનું વર્ણન.


૨૦૫-૨૦૭ કાળ પર્યાયે થતું સંલેખના મરણનું વર્ણન.

૨૦૮-૨૧ સંલેખનાવાળો ક્રોધ ત્યાગે, ત્રણ પ્રકારમાંથી કોઇ પણ અણસણ છેવટે કરે તેની વિધિ.

શુદ્ધિપત્ર.

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૨	૧૦	સંભારી	સંસારી
૧૫	૨	કાય	કષાય
૧૭	૯	શરીરનાં	શરીરના
૧૭	૯	અવયવે	અવયવોના
૧૮	૨૧	ન્વા	ત્વ
૨૧	૧૩	તાનેં	તોમર
૨૧	૧૩	मि	मिः
૨૧	૧૩	र्त्ता	र्त्ताः
૨૨	૩૧	लिनाः	हिना
૨૩	૨	तथा	वथा
૨૪	૧૩	सर्व	सर्प
૨૫	૧	સુખને	સુખને
૨૫	૧૯	वा	वा
૨૭	૧૫	મંદ	મંદ
૨૮	૧૩	માટે	થી
૩૮	૧૫	અને	આાદે
૩૪	૯	एद	हा:
૪૨	૧૦	દપ	નપ
૪૪	૧૦	સહુમે	સાધુએ
૪૫	૩	दि	दि
૪૫	૬	क	कः

૪	૧૩	[illegible]	[illegible]
૪૬	૮	[illegible]	[illegible]
૫૦	૧૭	[illegible]	[illegible]
૫૫	૧૩	[illegible]	[illegible]
૫૬	૧૩	[illegible]	[illegible]
૬૧	૮	સાદ	[illegible] ને
૬૮	૧૧	વા	વ
૭૦	૭	ચાત	ચાતિ
૭૧	૧૮	ચઅ	વાઅ
૭૨	૭	ગો	ણી
૭૩	૧૧	ગુ	ગુરૂ
૮૦	૨૦	વમાણે	ગમાણં
૮૩	૭	વડ્	વડે
૮૭	૭	રિદ્દાર	રિદ્દારી
૧૦૦	૨	અથા	આથા
૧૦૩	૧૧	મદ	મદ
૧૧૧	૪	છે	છ
૧૩૫	૧૧	કૃતિમ	કૃત્રિમ
૧૩૬	૫	નિક્ર	નેક્ર
૧૩૬	૫	નહુ	હુ
૧૩૮	૧૦	ઉપાદ	ઉપપાદ
૨૧૧	૨૧	અનેક	અને ક
૨૨૦	૩	સસ	સંસ



ॐ नमो वीतरागाय।

આચારાંગ સૂત્ર ભાષાંતર.

(ભાગ ૪ થો.)

(ધુતાખ્ય નામનું છઠ્ઠું અધ્યયન.)

પાંચમું અધ્યયન ત્રીજા ભાગમાં કહ્યું, હવે છઠ્ઠું અધ્યયન કહે છે, તેનો આ પ્રમાણે સંબંધ છે. ગયા અધ્યયનમાં લોકમાં સાર ભૂત સંયમ અને મોક્ષ બતાવ્યો છે, અને તે નિઃસંગતા સિવાય સંયમ ન હોય, તથા કર્મ દૂર કર્યો વિના મોક્ષ ન થાય. તેથી કર્મ દૂર કરવા આ ધુત તે કર્મ ધોવાનું બતાવવા કહે છે. આ સંબંધે આવેલા ધુત નામના અધ્યયનના ચાર અનુયોગ દ્વાર થાય છે, તેમાં પ્રથમ ઉપક્રમ છે. તે ઉપક્રમમાં અર્થાધિકાર બે ભેદે છે, અધ્યયનનો અર્થ અધિકાર અને ઉદ્દેશાનો અર્થાધિકાર છે, તેમાં અધ્યયનનો અર્થાધિકાર ૧લા અધ્યયનમાં કહેલ છે, અને ઉદ્દેશાનો અર્થાધિકાર કહેવા નિર્યુક્તિકાર કહે છે,

पढमे नियग विहुणणा, कम्माणं बितियए तइयगंमि:
उवगरण सरीराणं चउत्थए गारव तिगस्स ॥२५०॥

પહેલા ઉદ્દેશામાં પોતાનાં જે સગાં છે, તેઓનું વિધુનન (મોહ ત્યાગ) કરવો જોઇએ. બીજા ઉદ્દેશામાં ઘાતીકર્મનો

દૂર કરવાં, ત્રીજામાં ઉપકરણ શરીરને, અને ચોથામાં ગારવને દૂર કરવા, તથા ઉપસર્ગ કે સન્માન થાય, તે રાગ દ્વેષ ન કરવો, તથા સાધુઓએ (પૂર્વે) તે પ્રમાણે વિગેરે ધોયાં છે, તે આ પાંચમા ઉદ્દેશામાં બતાવે છે. પ્રમાણે અર્થાધિકાર બતાવીને નિક્ષેપો કહે છે, તે ત્રણ પ્રકારનો છે, ઓઘ નિષ્પન્નમાં અધ્યયન છે, નામ નિષ્પન્નમાં ધૂત નામ છે, તેના ચાર પ્રકારે નિક્ષેપા છે, તેમાં નામ સ્થાપના છોડીને દ્રવ્ય અને ભાવ બતાવવા અડધી (પૂર્વાર્ધ) ગાથા કહે છે.

उवसग्गा सम्माणय, विहूमाणि पंचमंमिउद्देसे ॥
दव्वधुयं वत्थाई, भाव धुयं कम्म अट्ठविहं ॥२५१॥

દ્રવ્યધૂત બે પ્રકારે છે, આગમથી અને નો આગમથી, તેમાં આગમથી ધૂતનો જ્ઞાતા (જાણનારો) હોય, પણ તેમાં ઉપયોગ ન હોય; અને નો આગમથી તો જ્ઞ શરીર ભવ્ય શરીર સિવાય દ્રવ્યધૂત તે કપડાં વિગેરેની ધૂળ વિગેરે દૂર કરવાનું છે. (દ્રવ્ય તે કપડાં વિગેરેને અને ધૂત તે મેલ દૂર કરવાનું છે)

આદિ શબ્દથી વૃક્ષ વિગેરે ફળ માટે ધોવાનું છે (સૂકાં પાંદડાં વિગેરે દૂર થવાથી ફળ તૈયાર થાય છે, ... થવા વિના જરૂરની વનસ્પતિ વચમાંથી નિંદી કાઢે છે) અને ભાવ ધૂત તો આઠે કર્મને દૂર કરવા (મોક્ષ માટે)

ઉપાય કરાય તે છે, (આ સુધી ગાથાનો અર્થ છે.)

ફરી આજ વિષયને ખુલાસાથી કહે છે.

अहियासि त्तुव सग्गे, दिव्वे माणुस्सए तिरिच्छेय
जोविहुणइ कम्माइं, भाव धुयंतं वियाणाहि ॥२९२॥

ઉપસર્ગોને અતિશે (સારી રીતે) સહન કરીને કર્મ ધોવાં, એટલે દેવતાના કે મનુષ્યોના કે તિર્યંચોના દુઃખ રૂપ જે ઉપસર્ગો આવે તેમાં સમભાવ રાખીને જે સંસાર વૃક્ષના બીજ સમાન મોહનીય વિગેરે કર્મોને દૂર કરે, તે ભાવ ધુત છે; એવું તું જાણ. અથવા ક્રિયા અને કારકનો ભેદ નથી, તેથી કર્મ ધૂનન તેજ ભાવ ધૂત છે, એમ જાણ. નામ નિક્ષેપ કહ્યો. હવે, ત્રીજા સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપામાં સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર કહેવું તે આ છેઃ—

ओबुज्झमाणे इहमाणवेसु आघाइ से नरे जस्स इमाओ जाइओ सव्वओ सुपडिलेहियाओ भवंति, आघाइ से नाणमणेलिसं, से किट्टइ तेसिं समुट्ठियाणं निक्खित्त दंडाणं समाहियाणं पन्नाण मंताणं इह मुत्तिमग्गं, एवं (अवि) एगे महावीर विपरिक्कमंति, पासह एगे अवसीयमाणे अणत्त प से बेमि, सेजहावि (सवि) कुंमेहरए विणिविट्ठ चि त्ते पच्छन्न पलासे उम्मग्गं से नो लहइ भंजगा

सं निवेसं नोचयंति एवं (अवि) एगे अणेगरूवेहिं कुलेहिं जाया रूवेहिं सत्ता कलुणं थणंति नियाणओ ते न लभंति मुक्खं, अह पास तेहिं कुलेहिं आयत्ताए जाया, गंडी अहवा कोढी, रायंसी अवमारियं काणियं झिमियं चेव, कुणियं खुज्जियं तहा॥

उदरिंच पास मूयं च सूणीयंच गिलासणिं
वेवइं पीढसप्पिं च, सिलिवयं महुमेहणिं ॥ २ ॥
सोलस एएरोगा, अक्खाया अणु पुव्वसो
अहणं फुसंति आयंका, फासा य असमंजसा ॥३॥

मरणं तेसिं संपेहाए उववायं चवणं च नच्चा, परियागं च संपेहाए (सू० १७२)

સ્વર્ગ તથા મોક્ષ, તથા તેનાં કારણો તેમજ, સંસારનાં કારણોને આવરણરહિત (કેવળ) જ્ઞાનના સદ્ભાવથી જે માણસ જાણે; અને આમર્ત્ય (મનુષ્ય)-લોકમાં મનુષ્યોને ધર્મ સમજાવે એટલે, તે ઘાતિકર્મ દુર થયા પછી; પોતે અઘાતિકર્મરૂપ (શરીરધારી) મનુષ્યપણામાં રહેલો ધર્મ કહે છે:—

પણ જેમ-બૌદ્ધમતમાં ભીંત વિગેરેમાંથી પણ ધર્મોપદેશ પ્રકટ થાય છે. તેમ, જૈનધર્મમાં નથી; અથવા જેમ, વૈશેષિકોનું ઉત્કૃષ્ટ ભાવવડે પદાર્થોનું બતાવવાપણું છે, એવું અમારું (જૈનશાસન) નથી.

પ્ર:—શા માટે ?

ઉત્તર:—ઘાતિકર્મ ક્ષય થયાપછી, કેવળ જ્ઞાન ઉત્પન્ન થવાથી મનુષ્યપણામાં રહેલાજ (તીર્થંકર) પોતે કૃતાર્થ થયા છતાંપણ, જીવોના હિતને માટે મનુષ્ય અને દેવોની સભામાં ધર્મનો ઊપદેશ કરે છે.

પ્ર:—તીર્થંકરજ ધર્મ કહે છે, કે, બીજો પણ કહે છે ?

ઉ:—બીજો પણ કહે છે. જેને વિશિષ્ટજ્ઞાન હોય; અને સારીરીતે પદાર્થોનો પરિચ્છેદક હોય; તે ધર્મોપદેશ કરે છે. તે કહે છે:—

જેઓ અતીંદ્રિયજ્ઞાની છે, અથવા શ્રુત કેવળી છે, તેઓ ધર્મ કહે છે. એવું શસ્ત્રપરિજ્ઞા નામના ૧ લા અધ્યયનમાં કહેલ છે, (તેથી આ પ્રત્યક્ષ સૂચક-વિશેષણવડે સૂચવ્યું કે,) તે વિશિષ્ટજ્ઞાનીએ આ એકેંદ્રિય વિગેરે જાતિઓ બધા પ્રકારો એટલે, સૂક્ષ્મબાદર પર્યાપ્ત-અપર્યાપ્તરૂપે બરોબરરીતે (શંકારહિત) જાણેલી છે, તેજ સાધુ ધર્મ કહે છે. પણ, એમ ન જાણનારો બીજો (અજાણ) ધર્મ કહેતો નથી. તેજ કહે છે:—

'स आख्याति' તે તીર્થંકર અથવા સામાન્ય કેવળી અથવા અતિશય જ્ઞાની (જાતિસ્મરણ-જ્ઞાનવાળા, અવધિ જ્ઞાની, મનઃપર્યવ જ્ઞાની) અથવા શ્રુત કેવળી હોય તે કહે છે. પ્ર૦ શું કહે છે, જેનાવડે જીવ વિગેરે પદાર્થો જણાય

છે, તે જ્ઞાન મતિ વિગેરે પાંચ પ્રકારનું છે, તે,-પ્ર૦ તે કેવું છે! ઉ—તેવું બીજે નથી, માટે 'અનીદૃશં' અથવા સકલ (બધા) સંશયને દૂર કરવા વડે ધર્મ સ ભાવતા તેજ પોતાનું અનન્ય સદૃશ (અનુપમ) જ્ઞાન ભ છે, (અર્થાત્ સંસારી જ્ઞાનથી તૃષ્ણા વધે, પણ તેમના (દેશના જ્ઞાનથી તૃષ્ણાની જડ દૂર થાય માટે તે જ્ઞાન અનું છે) પ્ર૦ તેઓ કોને ધર્મ કહે છે! ઉ—તે તીર્થંકર ગણ વિગેરે યથાવસ્થિત ભાવો (પદાર્થો) ને ધર્મચરણ માટે પે રીતે જે પુરૂષો ઉઠેલા હોય, તેમને કહે છે, અથવા દ્રવ્ય તથા ભાવથી ઉઠેલા હોય, એટલે દ્રવ્યથી શરીરવડે, ભાવથી જ્ઞાન વિગેરેના ઉત્સુક બની વિનય સહિત (ઉભા ય હોય) તેમને ધર્મ કહે છે,

સમોસરણનો વિનય.

સમોસરણમાં સ્ત્રીઓ બંને પ્રકારે ઉભી રહીને વિન પૂર્વક સાંભળે છે, અને પુરૂષો ઉભા રહીને અથવા બે રહીને પણ સાંભળે, પણ ભાવથી ઉત્સુક હોય; તેમજ બીજ ઉઠેલા જીવો, તથા દેવતા અને તીર્યંચ વિગેરેને ધર્મ સં આવે છે. એટલુંજ નહિ પણ જેઓ ભાવ વિના ફક્ત કૌતુ વિગેરેથી આવી સાંભળે, તેમને પણ ધર્મ કહે છે, ભાવથી ઉઠેલાનું વિશેષથી કહે છે.

મન વચન કાયાને જેમણે કબજે લીધાં છે, એટલે

મન વચન કાયાથી જીવોને દુઃખ દેવા રૂપ જે દંડ છે, તે દૂર કરવાથી તે નિક્ષિપ્ત દંડવાળા (સંયમ પાળનારા) છે. તથા તપ સંયમમાં ઉદ્યમ કરવાથી સમાહિત (શાંત) અંતઃકરણવાળા છે, તેમને જિનેશ્વર વિશેષથી ધર્મ કહે છે, તેજ પ્રમાણે પ્રકર્ષથી જણાય, તે પ્રજ્ઞાન છે, તેવું જ્ઞાન ધરાવનાર બુદ્ધિમાનોને આ મનુષ્ય લોકમાં જ્ઞાનદર્શન ચારિત્ર રૂપ મુક્તિ માર્ગ છે તે બતાવે છે, આ પ્રમાણે સમોસરણમાં સાક્ષાત્ ધર્મ સંભળાવતાં કેટલાક લઘુકર્મી જીવો (પૂર્ણશ્રદ્ધા થતાં) તેજ વખતે ચારિત્ર ગ્રહણ કરે છે, પણ બીજા તેમ ચારિત્ર લેતા નથી, તે કહે છે, એટલે ઉપર કહ્યા પ્રમાણે કર્મવિવર જેમને મળ્યું તેવા કેટલાક ભવ્યાત્માઓ જિનેશ્વર પાસે ધર્મ સાંભળતાંજ સંયમ સંગ્રામની ટોચે પરાક્રમ બતાવે છે, અથવા પર તે ઇંદ્રિયો અથવા કર્મ શત્રુને જીતવા પરાક્રમી બને છે, (અવિ શબ્દનો અર્થ 'ચ' છે, અને 'ચ' નો અર્થ વાક્યનો ઉપન્યાસ કરવા માટે છે) હવે તેથી ઉલટું કહે છે. તીર્થંકર પોતે બધા સંશયને છેદનારા ધર્મ કહે છે, છતાં કેટલાકને પ્રબળ મોહના ઉદયે ઘેરી લેવાથી સંયમમાં ખેદ પામતા રહે છે, (કાંતો સંયમ લેતા નથી, લે, તો પૂરો પાળતા નથી) તેવાને તમે જુઓ (ગુરૂ શિષ્યને કહે છે) તે બહોળ કર્મી સંયમમાં દુઃખ પામતા જીવો કેવા છે. તે કહે છે, આત્માના હિતને માટે જેમની પ્રજ્ઞા (બુદ્ધિ) કામ કરતી નથી, તે

અનાત્મ પ્રજ્ઞાવાળા (કુબુદ્ધિવાળા) છે, પ્ર-તેઓ શા માટે સંયમમાં ખેદ માને છે ? ઉ—હું કહું છું. અહીં દૃષ્ટાંત સમજાવે છે કે શા કારણે તેઓ ખેદ પામે છે.

(સૂત્રમાં સે શબ્દ 'તે' ના અર્થમાં છે, અપિ શબ્દ 'ચ' ના અર્થમાં છે, અને તે વાક્યના ઉપન્યાસ માટે છે

કુંડના કાચબાનું દૃષ્ટાંત.

કોઇ કાચબો મોટા કુંડમાં વિનિવિષ્ટ (પ્રેમી) ચિત્તવાળો બનીને ગૃદ્ધ બનેલો અને પલાશ (કોમળ પાંદડાંવડે ઢંકાયલો (તથા સૂત્રમાં પ્રાકૃતના નિયમ પ્રમાણે વ્યત્યય કરવાથી) ઊન્માર્ગ એટલે, ઉપર આવવાનાં વિવર (છિદ્ર) મેળવતો નથી; અથવા, જેનાવડે ઊંચે કુદાય; તે ઊન્માર્ગ છે. અથવા, ઊંચે જવાય તે, ઊન્માર્ગ છે, તેવો ઊન્માર્ગ મેળવી શકતો નથી. અર્થાત્ જે કુંડમાં તે કાચબો રહે છે, તે, પાણી ઉપર પાંદડાં વિગેરે છવાઇજવાથી બીલકુલ ઢંકાઇ ગયો છે. તેથી, તે કાચબો બહાર આવી શકતો નથી આ કહેવાનો આ સાર છે:—

કોઇ મોટો કુંડ (હોજ) એક લાખ જોજનના વિસ્તારવાળો છે, અને તે અતિશે શેવાળના ઝુંડથી કઠણ બનીગયલા પાંદડાંઓના સમૂહથી ઢંકાઇગયલો છે, અને તે કુંડમાં જુદા જુદા રૂપવાળા કરિ ( ) મગર, માછલાં, વિગેરે

જળચર જીવોનો આશ્રય છે, તેના મધ્યભાગમાં કુદરતીજ એક દ્વારનું બાકું પડેલું હતું. જેમાં ફક્ત કાચબાની ગરદન ઊંચે આવી શકે; તેવા કુંડમાંથી એક કાચબાએ પોતાના ટોળાંથી જુદાં પડતાં વિયોગથી આકુળ બનીને આમતેમ ગરદન ફેરવતાં કોઈપણ રીતે તેવી ભવિતવ્યતાના યોગથી તે કાણામાં પોતાની ગરદનને બહાર કાઢી; તે સમયે ત્યાં તેણે શરદ્ઋતુના ચંદ્રનાં ચાંદરણાથી ક્ષીરસાગરના પાણીના પ્રવાહથી છવાઈ રહેલું શોભાયમાન બનેલું તથા, ખીલેલાં કુમુદના સમૂહથી પૂજા કરવા જેવા ઊગેલા તારાઓથી ભરાઈ ગયેલું આકાશ જોયું.

આવું દેખીને તે ઘણો ખુશ થયો; અને તેના મનમાં આ પ્રમાણે સંકલ્પ થયો કે—મારા સહચારી મિત્રો આ સ્વર્ગસમાન પૂર્વે ન દેખેલું મનોરથ (વિચારમાં) પણ, ન કલ્પી શકાય; તેવું તે કાચબાઓ જુએ, તો બહુ સારૂં થાય. આ પ્રમાણે વિચારી શીઘ્રતાથી પોતાના બંધુઓને શોધવા માટે ભટક્યો; અને તેમને મળીને તેમને તેવું બતાવવા માટે પેલું છિદ્ર શોધતો આમતેમ ભટકે છે. છતાં, હૃદની વિસ્તીર્ણતાથી, તથા જીવોનો સમૂહ ત્યાં ઘણો મોટો છે, તેથી તે છિદ્ર મેળવી શક્યો નહિ: પણ, ત્યાંજ તે, (વિનાદેખે) મરણ પામ્યો. તેનો સાર આ હેવાનો છે કે—સંસારરૂપી—હૃદ છે. તેમાં જીવરૂપી—કાચબા છે. કર્મરૂપ—શીવાળ શેવાળ છે,

, અને અગ્નિદાહથી બધું બળી ગયેલા જેવા બનવા છતાં,
જુદા જુદા નિમિત્તથી અનેક આધિ (ચિંતાવાળા)
પણ સકળ (બધાં) દુઃખોના ઘરસમાન-ગૃહવાસનું
છોડવા સમર્થ થતા નથી; પણ, ઘરમાં રહીનેજ તેવાં
દુઃખો આવતાં દીન સ્વરે રડે છે, અને બોલે છે કે,
હે બાપ! હે મા! હે દેવ! આવા અવસરે તમને
વું દુઃખ દેવું યોગ્ય નથી! તેજ કહ્યું છે કે:—

ल्पमिदम चिन्तित मसदृश, मनिष्ट मतिकष्टमनुपमं दुःखं ॥
मुत्सैवोपनतं मे, नैरयिकस्येव सत्वस्य ॥ १ ॥

ન ચિંતવેલું અજાયણીવાળું અનિષ્ટ, તથા અનુપમ
આવું (ભયંકર) દુઃખ જેમ નારકીના જીવને આવે; તેમ
મને એકદમ ક્યાંથી આવીપડ્યું છે! વિગેરે, તે બોલે છે.

અથવા રૂપ વિગેરેમાં આસક્ત થએલા ચીકણાં કર્મ
બાંધીને નરક વિગેરેમાં ઉત્પન્ન થઈ ત્યાં દુઃખ ભોગવતાં કરૂણ
સ્વરે ઉપર મુજબ રડે છે, અને તે પ્રમાણે કરૂણ સ્વરે રડ-
વાથી પણ તે રાંકડા જીવ તે દુઃખથી મુકાતો નથી, તે બતાવે
છે. દુઃખનું નિદાન તે ઉપાદાન કર્મ છે, તેનાવડે દુર્ગતિમાં
ઉત્પન્ન થએલા દુઃખ ભોગવતાં રહવા છતાં પણ ત્યાંથી દુઃખની
મુક્તિ (છુટકારો) અથવા મોક્ષનું કારણ જે સંયમ અનુષ્ઠાન
છે, તે પામી શકતા નથી, અને દુઃખના છુટકારાના અભાવમાં

સંસાર ઉદરમાં જુદી જુદી વ્યાધિઓથી ઘેરાયલા જીવો તેમ ભમે છે, તે બતાવે છે ('અથ શબ્દ વાકયના ઉપ માટે છે) હે શિષ્ય! તું જો! તે સંસારી રખડતા ઉચ્ચ નીચ કુળમાં પોતાના શુભ અશુભ કર્મ ભોગ ગયેલા (જન્મ પામેલા) છે, અને તે કર્મના ઉદયથી અવસ્થાને ભોગવે છે, તેમાં તેમને ઉત્પન્ન થતા રોગ બતાવનાર ત્રણ શ્લોકો છે. તેમાં (૧) પ્રથમ રોગ, પિત્ત, શ્લેષ્મ, અને તે ત્રણેના ભેગા થવાથી સંનિપાત ચાર પ્રકારે ગંડ (કંઠમાળ) છે, તે ગંડ જેને હોય ગંડી કહેવાય છે, એટલે ગંડમાળા નામનો રોગ તે સં જીવને થાય છે, તેજ પ્રમાણે બીજા પણ રોગો થાય તે બતાવે છે, (અથવા શબ્દ દરેક રોગ સાથે અથવા રાજાંસી એટલે અપસ્માર (ક્ષયનો ભેદ) રોગ થાય છે, અથવા અઢાર પ્રકારના કોઢ રોગવાળો કોઢ થાય છે, તેમાં સાત મોટા કોઢ છે, તે આ પ્રમાણે—

(१) अरुणो (२) दुम्बर (३) निश्यजीव्ह (४) कपा (५) काकनाद (६) पौण्डरीक (७) दद्रु. (લાલ દાદર) સાતે પ્રકારના કોઢો બધી ધાતુમાં પ્રવેશ થવાથી અસાધ્ય થઇ જવાથી તે સાતે ભયંકર છે.

નીચલા અગીઆર કોઢ ક્ષુદ્ર છે.

(૧) સ્થુળઆરૂષ્ક, (૨) મહાકુષ્ઠ, (૩) એકકુષ્ઠ (૪) ચર્મદળ, (૫) પરિસર્પ, (૬) વિસર્પ, (૭)

મ, (૮) વિચર્ચિકા (કાળીદાદર,) (૯) કિટિભ
ારસવું,) (૧૦) પામા (ખસ,) (૧૧) શતારૂક
ળી દોહીઓ.) કુલ નાના મોટા ૧૮ છે, તે સામા-
થી જોતાં, બધાએ કોઢ-રોગો સંનિપાતથી થાય છે.
ાં પણ, વાત વિગેરેના ઉત્કટ દોષથી જુદા જુદા ભેદ-
ા ગણાય છે. તથા, રાજાંસ રોગ તે, રાજયક્ષ્મા (ક્ષય)
વાળો, રાજાંસી (ક્ષયી) કહેવાય છે, અને તે ક્ષયરોગ
નિપાતથી ચાર કારણે થાય છે. કહ્યું છે કેઃ—

दोष जायते यक्ष्मा, गदो हेतु चतुष्टयात्
रोधात् क्षयाच्चैव, साहसाद् विषमाशनात् ।१।

ત્રણ દોષવાળો યક્ષ્મા (ક્ષય) નામનો રોગ વીર્યના
ના રોધથી વેગના ક્ષયથી, સાહસ કરવાથી; તથા વિષમ
અયોગ્ય) ખોરાકથી—એમ ચાર કારણે થાય છે. તેજ
માણે અપસ્મારનો રોગ વાત, પિત્ત, અને કફના સંનિ-
તથી ચાર પ્રકારે છે, તે રોગવાળો સારા ભાગ્યના વિવેકથી
વલ હોય છે, તથા ભ્રમ (ચક્રી) મૂર્છા વિગેરેની અવસ્થાને
રોગી ભોગવે છે. કહ્યું છે કે,

मापेश ससंरम्भो, द्वेषोद्रेको हृतस्मृतिः
अपस्मार इति ज्ञेयो, गदो घोर श्चतुर्विधः ॥२॥

ભ્રમો ચડે, મૂર્છા વિગેરે થાય, દ્વેષનો ઉછાળો થાય,

શોફ નામનો છ પ્રકારનો ઘોર રોગ જુદા જુદા કે, સામટા દોષોથી શરીર ફુલેલું દેખાય; તે લોહીના બિગાડથી થાય છે. એટલે, શ્લોક પહેલાં બતાવ્યા પ્રમાણે વાત, પિત્ત, કફ, અને સંનીપાત, રક્ત, અને અભિઘાતથી સોજાનો રોગ થાય છે. તથા "गिलासणिति" તે ભસ્મક નામનો વ્યાધિ છે. ઊષ્ણતા, વાત, અને પિત્તના ઊત્કટપણાથી, અને કફના ન્યૂનપણાથી, તથા ગરમી વધારે થવાથી થાય છે, તથા वेवइंति તે વાયુથી ઉત્પન્ન થયેલ શરીરનાં અવયવો કંપરૂપ છે. કહ્યું છે કેઃ—

प्रकामं वेपने यस्तु, कंपमानश्च गच्छति;
कलाप खंजं तं विद्या, न्मुक्त संधिनिबंधनम् ॥१॥

જે ઘણો કંપે, તથા કંપતો ચાલે, તેને સંધી નિબંધનથી મુકાએલો કલાપખંજ (લકવાનો રોગ) જાણવો. તેજ પ્રમાણે "पिढसप्पि च त्ति" જીવને ગર્ભના દોષથી તે પીઠ સર્પિપણે ઉત્પન્ન થાય છે, અથવા જન્મ્યા પછી અશુભ કર્મના દોષથી થાય છે, આ રોગીને સ્પર્શ ઇંદ્રિનું ભાન રોગવાળી જગ્યાએથી નષ્ટ થાય છે, તે રોગવાળાને હાથમાં પકડેલું લાકડું ખસી જાય છે, અને સૂઇ ઘોંચે તો પણ અસર ન થાય- તથા 'सीलीवयं त्ति' શ્લીપદ તે પગ વિગેરેમાં કઠણ પણું હોય છે, તે આ પ્રમાણે—વાત, પિત્ત, કફના પ્રકોપથી છાતીમાં રોગ ઉત્પન્ન થઈ જંઘામાં સ્થિર થઈ ધીરે ધીરે કાળાંતરે

૨

બધા પ્રમેહના રોગો યોગ્ય સમયમાં દવા ન કરવાથી
કુપણું પામ્યા પછી અસાધ્ય બને છે,

આ પ્રમાણે ઉપર બતાવેલા સોળે રોગોનું વર્ણન
કર્યું, ('અથ' અને 'ણુ'' જે છે. તે 'અથ' નો અર્થ
ગુજરાતીમાં 'પછી, થાય છે. અને 'ણુ' તો ફક્ત શોભા માટે
ઉપર બતાવેલા રોગો સંસારી જીવને થાય છે, તથા
એટલે શીઘ્ર જીવ લેણુ રોગ જે શૂળ વિગેરે છે, તથા
પ્રહાર (જોરથી લાગેલો માર) વિગેરે દુઃખ દેનારા સ્પર્શો
તો અનુક્રમે આવે અથવા સાથે પણ થાય, એટલે કંઇ
નિમિત્તથી આવે અથવા અનિમિત્તે આવે, અને તે રોગોથી
થાય છે. આ રોગોથીજ તે મુકાતો નથી બીજું પણ તે
કરી જીવને અધિક દુઃખ થાય છે, તે બતાવે છે,
રાજ્યથી બ્હાર થએલા ગૃહવાસમાં આસક્ત થએલા મન-
ષ્ય ... સમંજસ રોગથી પીડા થતાં અંતે પ્રાણત્યાગ થાય
, તે વિચારીને અને પાઠઃ તેમનો ઉપપાત તથા ચ્યવન
દેવતાના જન્મ મરણનેં બદલે ઉપપાત ચ્યવન કહેવાય છે,)
કર્મનું સંચિત જાણીને એવું કરવું જોઇએ કે જેથી ઉપર
[illegible] (કુમાળો) વિગેરે ૧૬ રોગ તથા મરણનો તથા
[illegible]નો સંપૂર્ણ અભાવ થાય, વળી મિથ્યાત્વ અવિરતિ
[illegible] રોગથી મેળવેલ કર્મનો 'અબાધા' કાળની
[illegible] પછી ઉદય થાય છે. ત્યારે તેનો પરિપાક (અનુભવ)

થાય છે, તેજ શરીર તથા મન સંબંધી દુઃખ ઉત્પન્ન કરે
તે વિચારીને તેને જડ મૂળથી કાઢવા પ્રયત્ન કરવો જોઇએ
તે દુઃખીઓ દીનસ્વરે રડે છે. વિગેરે ગ્રંથ (સૂત્ર) વડે ઉ
પાત. તથા ચ્યવન સુધી બતાવ્યા છતાં પણ, તેનું મોટાપણ
બતાવવા જેનાવડે પ્રાણીઓને સંસારમાં નિર્વેદ (ખેદ
ઉત્પન્ન થાય; માટે બીજું સૂત્ર કહે છે:—

तंसुणेह जहा तहा संति पाणा अंधा तमसि
वियाहिया, तामेव सइं असइं अइअच्च उच्चाव
फासे पडिसंवेएइ, बुद्धेहिं एयं पवेइय।-संति पाणा
वासगा रसगा उदए उदएचरा आगास गामिणो
पाणा पाणे किलेसंति, पासलोए महब्भय (सू० १३

(આચાર્ય શિષ્યને કહે છે.) તે યથાવસ્થિત (જેવો
છે, તેવા) કર્મવિપાકને મારી પાસે તમે સાભળો. જેમકે—
નારકી, તિર્યંચ, નર, અમર, એ લક્ષણવાળી ચાર ગતિઓ
છે. તેમાં નરકગતિમાં, ચારલાખ યોનિઓ, તથા ૨૫ લાખ
કુલ કોટિઓ છે, અને ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ
છે, ત્યાં પરમાધાર્મિક દેવતાની કરેલી વેદના છે, તથા પર-
સ્પર ત્યાં રહેલા નારકીના જીવો (કુતરા માફક) એકબી-
જાને દુઃખ દે છે, તથા સ્વભાવિક પીડા ત્યાં જે થાય છે,
તે આપણાથી કહી શકાય તેમ નથી. જો કે, થોડામાં કહે-
વાની ઇચ્છાથી કહેવાના વિષયને પૂરો ન કહેવાય; તોપણ,

યાંના કર્મવિપાક કહેવાથી જેમ, પ્રાણીઓને વૈરાગ્ય થાય; તેમ શ્લોકોવડે વર્ણન કરે છે.

श्रवण लवनं नेत्रोद्धारं करक्रम पाटनं ।
हृदय दहनं नासाच्छेदं प्रतिक्षण दारुणम् ॥
कट विदहनं तीक्ष्णापात त्रिशूल विभेदनम्
दहनवदनैः कंकैर्घोरैः समन्त विभक्षणम् ॥ १ ॥

કાનને કાપવા; આંખોના ડોળા ખેંચીકાઢવા; હાથપગને છેદવા; છાતીને બાળવી; નાક છેદીનાખવું; દરેકક્ષણે ભયંકર આવાજ કરવો; કટવિદહન, તીક્ષ્ણ આપાત, ત્રિશૂળથી ભેદવું; બળતાં મોઢાંવાળા ઘોર–કંક પક્ષીઓથી વારંવાર ભક્ષણ કરવું. આવીમોટી વેદનાઓ પરમાધામીની છે.

तीक्ष्णै रसिभिर्दीप्तैः कुन्तै विषमैः परश्वधैः
श्चक्रैः परशु त्रिशूलमुद्गरतोमरै वासी मुषंढीभि ॥२॥

વળી, દેદીપ્યમાન તીક્ષ્ણ તલવારોથી તથા વિષમભાલા, પરશુબધ (   ) ચક્રોવડે, તથા પરશુ–ત્રિશૂળ મુદ્દગર, તોમરવાસી મુષંઢીથી દુઃખ દે છે.

संभिन्नतालु शिरसश्छिन्न भुजाश्छिन्न कर्णना
सौष्ठाः
भिन्नहृदयोदरान्त्रा भिन्नाक्षि पुटाः सुदुःखार्त्ता ।३।

એટલે, તાળવું-માથું જુદું પાડે છે, તથા ભુજા, અને હાડ છેદીનાંખે; તથા છાતી-પેટ, આંતરડાં ભેદીનાંખે; આંખોના ડોળા એંચીકાડવાથી રાંક નારકીના જીવો પીડા

निपतन्त उत्पतन्तो विचेष्टमाना महीतले दीन नेक्षंते त्रातारं नैरयिका कर्म्म पटलान्धाः ॥४॥

નીચે પડેલા પાછા ઊછળતા જુદી જુદી ચેષ્ટા મહીતળ (પૃથ્વી) ઉપર દીન થઇ રહેલા કર્મના પડ આંધા બનેલા નારકીના જીવો કોઇ રક્ષકને જોઇશકતા



શાર્દુલ વિક્રિડિત.

छिन्द्यन्ते कृपणाः कृतान्त परशो स्तीक्ष्णे न धा सिन

क्रदन्तो विषवीचि (वचु) भिः परिवृता संभक्ष व्यापृ

पाटयन्ते क्रकचेन दारुवदसिन प्रच्छिन्न बाहुद्वयाः

कुंभीषु त्रपुपान दग्धतनवो मूषासु चान्तर्गताः ॥

જમરાજના પરશુની તીક્ષ્ણ તલવાર જેવી ધારા તે રાંકડા છેદાય છે, તથા વિષના સમૂહથી ભરેલા. (કડ કાયલા કૂતરા જેવા) કરડવા માટે વીંટાયલા પોકાર કરતારહે છે તથા કરવતીવડે જેમ, લાકડું ચીરે; તેમ ચીરાય છે, તથા તલ

વારવડે તેના બે બાહુ છેદીનાંખે છે, તથા કુંભીમાં રાખીને ગરમ ગરમ તરવું પાય છે, તથા મૂષમાં (ઘાલીને જેમ સોની સોનું પીગળાવે; તેમ) ઘાલીને શરીરમાં બળતા રાખેલા છે.

भृज्ज्यन्ते ज्वलदम्बरीपहुतभुग् ज्वालाभिराराविणो,
दीप्तां गारनिभेषु वज्र भवनेष्वं गारके पूत्थिताः
दह्यन्ते विकृतोर्ध्व बाहुवदनाः क्रन्दन्त आर्त्तस्वनाः
पश्यन्तः कृपणा दिशो विशरणा स्त्राणायको नो-
भवेत् ॥ ३ ॥

વળી, તે નારકીના જીવો બળતા અંબરીષ અગ્નિની જ્વાળાવડે પોકાર કરાતા ભુંજાય છે, તથા બળતા અંગારાવાળા વજ્રભવન માફક અંગારામાં ઊભા થયલા રાંકડા મોવાળા ઊંચા હાથ કરીને ખોખરા અવાજવાળા રડતા બળે છે. અને તે બિચારા નારકીના જીવો શરણરહિત થઈને બધી દિશામાં (આશ્રય) આપનારને દેખે છે, પણ તેમને બચાવવા કોઈ સમર્થ નથી; વિગેરે, નારકીનાં દુઃખ છે. તથા તિર્યંચગતિમાં પૃથ્વીકાયની ૭લાખ યોનિ છે. તથા બાર લાખ કુલ કોટિ છે. તેમને નીચલી (પીડાઓ) છે.

સ્વકાય-પરકાયનાં શસ્ત્રોથી પીડા છે, તથા શીત-ઉષ્ણની પીડા છે. તેજ પ્રમાણે અપ્કાય (પાણી) ના જીવોની ૭લાખ યોનિ, તથા કુલ કોટિ, તથા જુદી જુદી જાતિની વેદનાઓ છે. અગ્નિકાયની ૭લાખ યોનિ, તથા ૩લાખ કુલ

કોટિ, અને પૂર્વ માફક વેદના છે. વાયુની પણ ૭લા યોનિ, તથા ૭લાખ કુલ કોટિ. અને ઠંડ-ગરમીની જુદા પ્રકારની વેદના છે. પ્રત્યેક વનસ્પતિની દશલાખ યોનિ સાધારણ વનસ્પતિની ૧૪લાખ યોનિ, અને બંનેની ૨૮લા કુલ કોટિ છે. તેમાં ગયેલો જીવ અનંતકાળ સુધી છેદન-ભેદન મોટન વિગેરેની જુદી જુદી વેદનાને અનુભવે

વિકળઇંદ્રિય, બેઇંદ્રિય, તીનઇંદ્રિય, ચારઇંદ્રિયની બે લાખ યોનિ, તથા, કુલ કોટિ ૭-૮-૯ લાખ અનુક્રમે છે અને તે દરેકને ભૂખ તરસ, ઠંડ-તાપ, વિગેરેથી થતું દુઃખ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. તીર્યંચ-પંચેંદ્રિયની ચારલાખ યોનિ છે. અને જળચરની કુલ કોટી ૧૨લાખ છે, પક્ષીઓની કુલ કોટિ ૧૨લાખ, અને ચોપગાંની ૧૦લાખ, ઊર પરિ સર્વની ૧૦લાખ, ભુજ-પરિસર્પની ૯ લાખ છે, અને જુદી જુદી વેદના તિર્યંચોની જે છે, તે પ્રત્યક્ષજ છે. કહ્યું છે કે:-

क्षुत्तृड् हिमात्युष्ण भ यार्दितानां,
पराभि योगव्यसना तुराणां
अहो ! तिरश्चामति दुःखिताना,
सुखानु षंगः किलवार्त्तमेतद् ॥ १ ॥

ભૂખ તરસ ઠંડ તાપ તથા ભયથી દુઃખી થએલા તથા ચારકાના કબજામાં રહેવાના દુઃખથી સદા પીડાયેલા એવા તિર્યંચો જે અતિ દુઃખી છે, તેમનામાં સુખનો અનુસંગ

પચે તે તો નિશ્ચે એક વાર્ત્તા માત્ર છે. ! (અર્થાત્ સુખતો ા પણ નથી) વિગેરે છે.

મનુષ્ય ગતિમાં પણ ૧૪ લાખયોનિ તથા ૧૨ લાખ લ કોટી અને આવી રીતની વેદનાઓ છે.

ःखं स्त्रीकुक्षिमध्ये प्रथममिह भवे गर्भवासे नराणां
ालत्वेचापि दुःखं मललुलिततनुः स्त्रीपयः पानमिश्रं
ारुण्येचापि दुःखं भवति विरहजं वृद्धभावोप्यसारः
ंसारे रे मनुष्या वदत यदिसुखं स्वल्पमप्यस्ति किंचित् ॥ १ ॥

પ્રથમ માતાની કુખમાં આ ભવમાં પહેલું દુઃખ મનુષ્યોને ગર્ભવાસમાં રહેવાનું છે, અને જન્મ્યા પછી બાલપણામાં મલથી ખરડાયલું શરીર સંબંધી તથા માનું દૂધ પીવાનું દુઃખ છે, જુવાનીમાં પણ (સ્ત્રી પુરૂષ તથા દીકરા દીકરી માબાપ સગાના) વિરહનું દુઃખ છે, અને વૃદ્ધાવસ્થા તો અસારજ છે, (માટે શાસ્ત્ર માણસ રૂપ જીવને પૂછે છે કે) રે મનુષ્યો ! જો તમને કયાંય પણ સંસારમાં થોડું પણ સુખ દેખાતું હોય તો કહો ! (અર્થાત્ સંસાર દુઃખ સાગરજ છે)

बालपात् प्रभृति परोगैं, र्दष्टो भिभवश्च यावदिह मृत्युः

शोक वियोगायोगै, दुर्गत दोषैश्च नैकविधैः

બાલપણમાંથીજ રોગો વડે ડંખાયલો, અ
સુધી (મર્ણ પર્યંત) શોક વિયોગ તથા કુયોગ
અનેક પ્રકારના ગરીબીના દોષો વડે પરાભવ રહેલ

क्षुत्तृड् हिमोष्णानिल शीतदाह
दारिद्र शोकप्रिय विप्रयोगैः
दौर्भाग्य मौर्ख्यान भिजात्यदास्य
वैरूप्य रोगादि भिर स्वतंत्रः ॥ ३ ॥

ભૂખ તરસ ઠંડ તાપ પવન તથા ઠંડી દાહ તથ
કરતા શોક વહાલાંના વિયોગથી, તથા દુર્ભાગીપણું, મૂ
નીચજાતિ, તથા દાસપણું, કુરૂપ, તથા રોગોથી આ મ
દેહ સદા પરતંત્ર છે.

દેવગતિમાં પણ ચારલાખ યોનિ, ૨૬લાખ કુલ
છે, તેમાં પણ અદેખાઇ, વિષાદ, મત્સર ચ્યવનભય,
વિગેરેથી પીડાયલા મનવાળાને દુઃખનોજ પ્રસંગ છે. સુ
અભિમાન તો, આભાસ માત્ર છે. કહ્યું છે કે:—

देवेषु च्यवन वियोगदुःखितेषु
क्रोधेर्ष्या मदमदनाति तापितेषु
आर्या ! नस्त दिह विचार्य सं गिरन्तु
यत्सौख्यं किमपि निवेदनीयमस्ति ॥ ? ॥

દેવો, ચ્યવન, તથા વહાલાંના વિયોગથી દુઃખી છે. ક્રોધ, ઇર્ષ્યા, અહંકાર, કામદેવથી અતિ પીડાયલા છે, તેથી હે આર્ય !–(ઉત્તમ) પુરૂષો ! અહીં કંઇપણ સુખ વર્ણવવાયોગ્ય હોય; તે વિચારીને કહો; (વિગેરે સમજવું.)

તેથી, આ પ્રમાણે ચાર ગતિમાં પડેલા સંસારી જીવો જુદા જુદા રૂપે કર્મવિપાકને ભોગવે છે, તેજ સૂત્રકાર બતાવે છે. ' संति ' પ્રાણીઓ વિદ્યમાન છે. તેઓ ચક્ષુઇંદ્રિયથી વિકળ તે દ્રવ્યઅંધા છે, અને સારા–માઠા વિવેકથી રહિત ભાવઅંધ પણ છે. તેઓ નરકગતિ વિગેરેના દ્રવ્યઅંધકારમાં તથા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય વિગેરેના કર્મવિપાકથી મળેલા ભાવઅંધકારમાં પણ રહેલા (શાસ્ત્રકારે) વર્ણવ્યા છે. ' किं च ' વળી, તેવી કુષ્ઠ (કોઢ) વિગેરેની અધમ અવસ્થામાં, અથવા એકેંદ્રિયની, અથવા અપર્યાપ્ત અવસ્થાને એકવાર અનુભવીને પાછું કર્મ ઉદય આવતાં તેમજ, અવસ્થાને વારંવાર અનુભવીને ઉંચ–નીચ તીવ્રમંદ્ર દુઃખ વિશેષના સ્પર્શોને જીવ અનુસરે છે. આ બધું તિર્થંકરે કહેલું છે. તે કહે છે. આ બધું તીર્થંકરે પ્રકર્ષથી અથવા પ્રથમથી કહેલું છે, માટે પ્રવેદિત છે. તથા હવેપછી, કહેવાનું પણ તેમનું કહેલું છે. ' संति ' જીવો વિદ્યમાન છે. એટલે, (વાસ ધાતુનો અર્થ શબ્દ, તથા કુત્સાના અર્થમાં છે. માટે,) જેઓ વાસ કરે છે, તે વાસ કા (બોલનારા)

આવા લબ્ધિ પામેલા બે ઇંદ્રિય વિગેરે જીવો પ
પ્રમાણે રસને અનુસારે જનારા તે કડવો-તીખો
વિગેરે રસને જાણનારા એટલે, મનવાળા સંજ્ઞી-
છે. (આ પ્રમાણે સંસારી-જીવોનો કર્મવિપાક
મહાભય જાણવો;) તેમજ, ઊદક-(પાણી) રૂપ-
જીવો છે. પર્યાપ્ત-અપર્યાપ્ત અવસ્થામા, તથા ઊદકમાં
તે પોરા, છેદનક, લોટ્ટણક વિગેરે ત્રસ જીવો છે, તથા
કાચબા વિગેરે પણ છે. તેમજ, સ્થળ ઉપર જ
અને કેટલાક જળને આશ્રયે રહેલા મહોરગ તથા
એમાંના કેટલાક, તે પાણીમાં પોતાનું જીવન
જાણવા; અને બીજાં પક્ષીઓ આકાશગામી છે. આ
બધાં પ્રાણીઓ (પોતાનાથી બીજાં નબળાં) પ્રાણીને
વિગેરે માટે, અથવા મત્સર વિગેરે માટે દુઃખ આ
તેથી શું સમજવું ? તે કહે છેઃ—(હે શિષ્ય !) તું
ધાર ! કે, આ ચૌદ રજ્જુપ્રમાણ-લોકમાં કર્મવિપાકના
જુદી જુદી ગતિમાં દુઃખ તથા કલેશનાં ફળરૂપ-મહાભય
(પણ તેમાં સુખ તો, કહેવામાત્ર છે.) શામાટે કર્મ
કથી મહાભય છે ? તે કહે છેઃ—

यहु दुक्खा हु जंत वो, सत्ता कामेसु माण
अयलेणा वहं गच्छंति सरीरेणं पभंगुरेण अट्ट
यहुदुक्खे इइ याले पकुव्वइ एएरोगा यहु न

रा परियावए नालं पास, अलं तवेएहिं एयं
मुणी ! महब्भयं नाइवाइज्ज कंचणं (सू० १९८)

(ગુરૂ કહે છે હે શિષ્યો !) કર્મના વિપાકથી આવેલાં
દુઃખો જે જીવોને છે, જેથી તે જાણીને તમારે તેમાં
પ્રમાદવાળા થવું, પ્ર૦ વારંવાર આવો ઉપદેશ કેમ કરો
? ઉ—કારણ કે અનાદિ ભવના અભ્યાસથી ન ગણાય,
ઉત્તર પરિણામ વાળા ઈન્દ્રિયમદન વિષયોમાં ગૃદ્ધ થયે-
પુરૂષો છે, તેથી પુનરૂક્તિ દોષ લાગતો નથી, હવે કામ
ભોગ) માં જે જીવો આસક્ત છે, તે શું મેળવે છે, તે
છે—બકલરહિત (નિઃસાર) તુષ (ડાંગરનાં ફોતરાં)
સરખી સમાન ઔદારિક શરીર જે પોતાની મેળે ભંગ
નાશ) ના સ્વભાવવાળું છે, તેના વડે સુખ મેળવવા કર્મનો
સંચય કરીને અનેકવાર વધ (મરણ ઘાત) ને મેળવે છે;
પ્ર—કયો માણસ આવા કટવા વિપાકવાળી સંસારી વાસ-
નામાં રતિ (આનંદ) માને ? તે કહે છે—

જે મોહના ઉદયથી આર્ત્ત થયેલ છે. અને કાર્ય અ-
કાર્યના વિવેકને ગણતો નથી, તે પ્રાણી જેના વડે બહુ દુઃખ
થાય તેવા કામ-વિષયોમાં ગૃદ્ધ થાય છે, અથવા પ્રાણીઓને
ક્લેશરૂપ કૃત્યને પોતે રાગદ્વેષથી આકુળ બનેલ બાળજીવ
કર્યા કરે છે, અને તેવાં પાપ કરવાથી તેના કર્મના ફળ
રૂપ વિપાકથી અનેકવાર પોતે વધ પામે છે, (ગુરૂ કહે છે)

ચિત્તે સાંભળજો આના સંબંધમાં નાગાર્જુનીયા કહે
(धुतोववायं पवेयंति) એટલે આઠ પ્રકારના કર્મને
પોતાને ધોવાનો ઉપાય તીર્થંકર વિગેરે કહે છે, તે
કયો છે ? તે કહે છે. 'इह' આ સંસારમાં (ખલુ વ
શોભા માટે છે) આત્માનો ભાવ તે આત્મતા (આત્મ
તે જીવનું અસ્તિત્વ છે, અથવા પોતાનાં કરેલા કર્મની
ણુતિ છે, તેના વડે આ જીવ સમૂહ છે, પણ અન્ય
માનવા પ્રમાણે પૃથ્વી વિગેરે ભૂતોના કાયાકારે પરિણમ
જીવો બન્યા નથી, અથવા પ્રજાપતિ (બ્રહ્મા) એ બન
નથી એટલે તેવા તેવા ઉંચ નીચ કુળમાં પોતાના
કર્મ સંચયથી મેળવેલા શુક્રશોણીત (વીર્ય લોહી મ
ઉદરમાં) એકત્ર થવાથી અનુક્રમે મનુષ્યની ઉત્પતિ છે,
આ પ્રમાણે ક્રમ છે—

सप्ताहं कललं विन्द्या, ततः सप्ताहमर्बुदम्
अर्बुदाज्जायते पेशी, पेशीतोऽपि घनं भवेत् ॥ १

તે વીર્ય લોહીનું સાત દિવસે કલલ થાય, પછી અ
થાય છે, પછી પેશી થાય, ત્યાર પછી ઘન થાય છે. તે
જ્યાંસુધી કલલ થાય ત્યાંસુધી અભિસંભૂત કહેવાય છે,
થતાં સુધી અભિસંજાત કહેવાય છે, ત્યાર પછી સાંગો
સ્તનઃ સુ શિર રોમ વિગેરે અનુક્રમે થતાં અભિનિર્વૃત્ત છે,
થી પ્રસૂત થતાં અભિસંવૃદ્ધ છે, અને ધર્મ શ્રવણની

ૠામાં આવતાં ધર્મકથા વિગેરે નિમિત્ત મેળવીને મેળવેલ
ાણ્ય પાપપણાથી અભિસંબુદ્ધ જાણવા, ત્યાર પછી સત્
ાસતનો વિવેક જાણનારા હોય તે અભિનિષ્ક્રાંત છે, ત્યાર
ાછી આચારાંગ સૂત્ર ભણેલા તથા તેનો અર્થ સમજીને
ચારિત્ર પાળનારા અનુક્રમે પ્રથમ શિક્ષક (શિષ્ય) ગીતાર્થ
ાછી ક્ષપક (તપસ્વી) પછી પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળો
તથા એકલવિહારી જિન કલ્પિક સુધી ઉંચે ચડનારા મુનિઓ
મને છે. અને કોઈ અભિસંબુદ્ધ પુરૂષ દીક્ષા લેવા તૈયાર થયો
હોય તો તેને પોતાનાં સગાં જે કરે તે કહે છે.

तं परिक्कमं तं परिदेवमाणा मा चयाहि इय ते
वयंति !–छंदोवणीया अज्झोववन्ना अक्कंदकारी ज-
णगारुयंति, अतारिसे मुणि ( ) ओहंतरए जणगा
जेण विप्पजढा, सरणं तत्थ नो समेइ, कहं नु नाम
से तत्थ रमइ ?, एयं नाणं सया समणुवासिज्जासि
त्तिबेमि (सू० १८०) धुताध्ययनोद्देशकः ६–१ ॥

જે તત્ત્વ સ્વરૂપ જાણીને ગૃહવાસથી પરાઙ્મુખ બનીને
મહા પુરૂષોએ આચરેલા માર્ગે જવા (દીક્ષા લેવા) તૈયાર
થયો હોય તેને માતા પિતા પુત્ર કલત્ર વિગેરે મળતાં તે
સમાં તેને રોઇને કહે છે, કે અમને તું ન ત્યજ, એમ દયા
ઉપજાવતાં બોલે છે, તથા બીજું શું બોલે છે, તે કહે છે,

સંયત (સાધુ) હોય, અને સરાગ હોય, તે અનુવસુ છે, અથવા બુદ્ધ અથવા શ્રાવક પણ હોય છે.

તથા શ્રુતચારિત્રરૂપ-ધર્મ જાણીને પછી યથા યે: સ્વીકારીને પણ પછી કેટલાક જીવો પ્રબળ મોહના ઉ તેવી ભવિતવ્યતાના યોગે તેવા ઉત્તમ ધર્મને પાળવા શ વાન થતા નથી, તે કેવા છે? ઉત્તર—કુશીલા એટલે ખ શીલ (આચાર) વાળા છે, એટલે જેઓ ધર્મ પાળ અશક્ત છે, તેથીજ તેઓ કુશીલવાળા છે, એવા બનીને કરે છે? તે કહે છે:—

वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं विउसि आणुपुव्वेण अणाहिया समाणे परीसहे दुराहिया कामे ममायमाणस्स इयाणिं वा मुहुत्तेण वा रिमाणाए भेदोएवं से अंतराएहिं कामेहिं आ कलिएहिं अवइण्णा चेए (सू० १८२)

કરોડો ભવે પણ દુઃખેથી મેળવાય, તેવો મનુષ્ય જ પામીને પૂર્વે કદીપણ ન મેળવેલ એવી સંસાર સમુદ્રથી ઉતરવા સમર્થ નાવ સમાન બોધિ (સમ્યક્ત્વ) મેળવ મોક્ષ વૃક્ષના બીજ સમાન સર્વ વિરતિ લક્ષણવાળું સ્વીકારીને પાછા કામદેવનો માર દુઃખેથી નિવારણ થાય તેવો હોવાથી, મન ઢીલું થવાથી, ઇંદ્રિયોનો સમૂહ લાલચુ થવાથી અનેક ભવના અભ્યાસથી મેળવેલી વિષયની મધુરતાથી અ

નીય કર્મના ઉદયથી. અશુભ વેદનીયનો ભાવ ઉત્કૃષ્ટ થવાથી, અયશઃકીર્તિ ઉત્કૃષ્ટપણે થવાથી, આયતિ (ભવિષ્યનું હિત) ને તરછોડીને કાર્ય અકાર્યને વિચાર્યા વિના દુઃખનો સાગર સ્વીકારીને વર્તમાન સુખને દેખનારા ...ના કુવમાં વર્તતો આચાર નીચે નાંખીને (ઉત્તમ રત્નરૂપ) ...તેને ત્યજે છે!!! અને તેનો ત્યાગ ધર્મોપકરણ ત્યાગ... થાય છે, તે બતાવે છે. વસ્ત્ર એ શબ્દથી ઉપલક્ષિત...નાં) કલ્પ (વસ્ત્ર) લીધો છે, તથા પાત્રાં અને ...ની ઝોળી અથવા પાત્રાંનો નિયોગ તથા રજોહરણ એ ...પકરણોને બેદરકારીથી ત્યજીને કોઈ સાધુ ફરીથી દેશ...તિ (શ્રાવકનાં વ્રત) સ્વીકારે છે, કોઈ તો ફક્ત સમ્યક્...ત્વજ રાખે છે, કોઈ તો તેનાથી પણ ભ્રષ્ટ થઈ જાય છે, ...ટકી જાય છે.)

પ્ર० આવું દુર્લભ ચારિત્ર પામીને પાછું કેમ તજે છે!

ઉ—પરીષહો દુઃખે કરીને સહન થાય છે, તેથી કર્મો...ને અથવા આગમા પરિષહો આવતાં સહન ન કરી શકવાથી ...ખડથી અત્યંત મોહના પરવશપણાથી દુર્ગતિને આમંત્ર...ને મોક્ષમાર્ગ (ઉત્તમ ચારિત્ર) ને ત્યજે છે!!! તે ...કાનો ભોગો ભોગવવા માટે ત્યજે છે, છતાં પાપના ઉદ...થી શું થાય? તે કહે છે—

વિરૂપ કામોને પોતાને વહાલા માની ર
ભોગના અધ્યવસાયવાળો બનવા છતાં, પોતાનાં
લાભકર્મના ઉદયથી તેજ ક્ષણે પ્રવ્રજ્યા મુકયા પછી
ભોગો પ્રાપ્ત થયાપછી, અંતર્મુહુર્તમાં, અથવા કંડરી
કની માફક ચારિત્ર મુકયા પછી એક રાત દિ
અપરિમાણ (વધારે ખાવાને) લીધે શરીર ભેદાય
પ્રમાણે દુરાચારના અધ્યવસાયથી, અથવા કુકર્મ
શીઘ્ર મરણ પામતાને પોતાના આત્મા સાથે
પાળવારૂપ ધર્મ દેહનો ભેદ થતાં તેવું શરીર અને પ
ણું અનંતાકાળે પણ મળતું નથી. (અર્થાત્ નિ
અનંતકાળ ભ્રમણ કરે છે.) એજ વિષયનો ઉપ
કરવા કહે છે. 'एवं' એ પ્રમાણે ભોગનો અભિલાષી
રાગવાળા કામ ભોગો જેમાં અનેક પ્રકારનાં વિઘ્નો
છે, તેને ચાહે છે, તે ભોગો (ન કેવળ તે અકેવળ તે
થાય તે.) અકેવળીક, (દંદ-જોડકાંવાળો) છે. જે
અતિપક્ષ પણ છે, અથવા અસંપૂર્ણ ભોગો છે. જેને
નવા પાત્ર સંસારમાં પડે છે, અથવા (કામભોગને બી
બદલે ત્રીજીનો અર્થ લઈએ; તો,) તે કામભોગોવડે ભો
અભિલાષીઓ અતૃપ્ત બનીનેજ (વધારે ભોગસુખ લેવાંજ
શરીરનો નાશ કરે છે. જ્યારે, તે રાંકા આમ મરણ
છે ત્યારે, બીજા ઉત્તમ સાધુઓ જેમનો મોક્ષસમીપ

ાવા ક્યાંય પણ, કોઇપણ રીતે કોઇપણ વખત ચરણનો પરિણામ આવતાં લઘુકર્મનાં કારણથી દરેકક્ષણે ચડતાભાવવાળા બને છે, તે બતાવે છે.

अहेगे धम्ममायाय आयाणप्पभिसु पणिहिए चरे, अप्पलीयमाणे दढे सव्वं गिद्धिं परिन्नाय, एस पणए महामुणी, अइअच्च सव्वओ संगं न महं अत्थित्ति इय एगो अहं, अस्सिं जयमाणे इत्थ विरए अणगारे सव्वओ मुंडे रीयंते, जे अचेले परिवुसिए संचिक्खइ ओमोयरियाए. से आकुट्ठे वा हए वा लुंचिए वा पलियं पकत्थ अदुवा पकत्थ अतहेहिं सद्द फासेहिं इय संखाए एगयरे अन्नयरे अभिन्नाय तितिक्खमाणे परिव्वए जेय हिरी जे य अहिरी माणा (सू० १८३)

ઉપર બતાવેલા ચડતાપરિણામવાળા સાધુએ ચારિત્ર લીધાપછી વિશુદ્ધ પરિણામથી તેમનો મોક્ષ જલદી થવાનો હોવાથી શ્રુતચારિત્રરૂપ-ધર્મ પામીને વસ્ત્ર-પાત્ર વિગેરે ધર્મોપકરણ સ્વીકારીને ધર્મકરણમાં સમાધિવાળા બની પરિષહ સહન કરીને સર્વજ્ઞ-પ્રભુએ કહેલા ધર્મને પાળે છે, અને પૂર્વે બતાવેલાં પ્રમાદનાં સૂત્રો અપ્રમાદના અભિપ્રાય પ્રમાણે કહેવાં. (અર્થાત્ તે દરેકપ્રકારે ચારિત્ર નિર્મળ પાળી

જ્ઞાન જાણીને સમ્યક્ત્વમાં દૃઢ થઈ અશુભકર્મને ફેરી નાંખે છે.) કહ્યું છે કેઃ—

यत्र प्रमादेन तिरोऽप्रमादः, स्याद्वाऽपि विपर्ययेणारि पठंति तत्र, सूत्राण्यधीकारवशाद् धिज्ञाः ॥

જ્યાં પ્રમાદવડે સૂત્ર કહેવાયાં હોય; ત્યાં વિશેષિ માદ હોવાથી અપ્રમાદના વર્ણનનાં સૂત્રો અધિકારના વિધિને જાણનારા વિપર્યયવડે ભણે છે (કહે છે.) અપ્રમાદનાં કહી તે યત્નવડે પાછાં પ્રમાદનાં (સૂત્રો) કહે છે. ને ઉત્તમ સાધુઓ વળી, કેવા થઈને ધર્મ આચરે છે! કહે છેઃ—કામભોગોમાં અથવા માતાપિતા વિગેરે લોક સ્નેહ ન કરનારા, અને ધર્મચારિત્રમાં એટલે, તપસંયમ વિ રેમાં દૃઢતા રાખનારા ધર્મ આચરે છે. વળી, બધા પ્ર કની ભોગાકાંક્ષાને જ્ઞ–પરિજ્ઞાવડે દુઃખરૂપ જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે ત્યાગે છે, ને ભોગાકાંક્ષા ત્યાગવાથી જે ગુણ થાય; તે કહેછેઃ—'एष' એ કામ પિપાસાનો ત્યાગનારો પ્રકર્ષથી નમેલો 'मड़' પ્રભુમેલો સંયમમાં, અથવા કર્મ પીલવામાં (લીન થયલો) મહામુનિ બને છે, પણ તેવા ગુણથી રહિત હોય; તે મહામુનિ બનતો નથી. 'किंच' વળી, સર્વ પ્રકારે પુત્રકલત્રાદિનો સંબંધ, અથવા વિષયાભિલાષનો મોહ

ખેંચી કાઢવાથી લુંચિત કરેલો (દુઃખી થયા છતાં) પે પોતાના પૂર્વકર્મથીજ આ ઉદયમાં આવ્યું છે, એમ માની સમ્યક્ પ્રકારે સહન કરતો વિહાર કરે; તથા આવી ભાવ ભાવે,

"पावाणं च खलु भो कडाणं कम्माणं पुवि दुच्चिन्नाणं दुप्पडिकंताणं वेदयिता मुक्खो नत्थि अवेयइत्ता, तवसा वा झोसइत्ता"।

પોતે પૂર્વે દુષ્ટ રીતે જે કૃત્યો આચર્યાં હોય, અને દુષ્ટ કૃત્ય કર્યાપછી તેને આલોચના કે તપશ્ચર્યાથી ખેરવ્યાં ન હોય, તે દુષ્ટ પાપો કાંતો ભોગવતાં છુટે, અથવા તપશ્ચર્યા કરવાથી દૂર થાય છે.

પ્ર૦—વચનો વડે કેવી રીતે આક્રોશ કરે છે?

ઉ—' पलियं ' તિ તે સાધુએ પોતે ગૃહસ્થાવસ્થામાં વણકર વિગેરેનું નીચ કૃત્ય (ધંધો) કર્યો હોય તો તે વડે કરીને તેની નિંદા કરે છે, તે આ પ્રમાણે—કોલિક! કે સાધુ બનેલા! તું પણ મારી સામે બોલે છે! અથવા જકાર ચકાર વિગેરે શબ્દોથી બીજી રીતે બોલીને નિંદે છે! તે હવે બતાવે છે— " अतथ्यैः " તદન જુઠાં કલંકના શબ્દો વડે તિરસ્કાર કરે જેમકે " તું ચોર છે! તું પરદાર લં છે, આવાં અસત્ય આળો જે સાધુને કરવા યોગ્ય નથી તે કાનમાં સ્પર્શ થતાં (સાધુને કોપ ચડે) તથા કલંક

પુરૂષ મને આક્રોશ કરે છે, બાંધે છે તેપે છે (,) થી છે, સંતાપે છે, પણ મને સારીરીતે સહન કરવાથી એકાંતે સકામ નિર્જરા થાય છે, કેવલી ભગવાન્ તેજ પાંચ સ્થાનકે આવેલા પરીસહ ઉપસર્ગ સહન કરે તેઓ જાણે છે કે કેવલી જ્યારે આવાં દુઃખ સહન કરે છે, ત્યારે ચણુ છદ્મસ્થ સાધુઓ નિર્ગ્રંથો આવેલા પરીસહ ઉપસર્ગોને તેમના દષ્ટાંતથી સારી રીતે સહન કરશે અને આત્મામાં શાંતિ રાખશે આ ઉપરથી સાધુએ સાર એ લેવો કે કોઈ ગ· થયેલો બીજાને મારે તો તેના ઉપર દયા આવે છે. તે પ્રમાણે સાધુને દુઃખ દેનાર ઉપર સાધુએ દયા લાવવી જોઈએ, આ પ્રમાણે જે પરીસહો આવે તે અનુકૂલ પ્રતિકૂલ એમ બે ભેદે છે. તે બન્નેમાં રાગદ્વેષ કર્યા વિના શાંતિ રાખીને વિચરે, અથવા બીજી રીતે પરીસહ બે પ્રકારના બતાવે છે જે સત્કાર અને પુરસ્કાર સાધુને આનંદકારી છે અને પ્રતિકૂલ મનને અનિષ્ટ છે, અથવા લજ્જારૂપ યાચના કરવી અને અચેલ વિગેરે છે,અને લજ્જા વિનાના ઠંડ તાપ વિગેરે છે, એ બન્નેવે બન્ને પ્રકારના પરીસહોને સમ્યક્ પ્રકારે સહન કરતો વિચરે, વળી

भिक्खा लद्धे सिणुसिणं फासे णसियदंसमणी एग
मो पाणिणा सुणा जे लोगंसि अणागमणधम्मिणो

ाणाए मामगं धम्मं एस उत्तरवाए इह माणवाणं
याहिए, इत्थोवरए तं झोसमाणे आयाणिज्जं
रिन्नाय परियाएण विगिंचइ, इह मेगेसिं एग च-
िया होइ तत्थियरा इयरेहिं कुलेहिं सुद्धेसणाए
व्वेसणाए से मेहावी परिव्वए सुब्भि अदुवा दु-
ब्भि अदुवा तत्थ भेरवा पाणा पाणे किलेसंति ते
ासे पुट्ठो धीरो अहियासिज्जासि त्तिबेमि (सू० १८४)
ूताध्ययने द्वितीयोद्देशकः ॥ ६—२ ॥

બધા પરિસહોની યતિ વેદનાને સહન કરી દુઃખને અનુભવતો છતાં ચિત્તમાં શાંતિ રાખે. પ્રશ્ન. કેવો બનીને? ઉ૦ સમ્યક્પ્રકારે દર્શન પામેલો તે સમિત દર્શનવાળો અર્થાત્ સમ્યગ્દ્રષ્ટી બને. તે પરિસહોને સહન કરનાર સાધુઓ કેવા હોય તે કહે છે, તે નિષ્કિંચન નિર્ગ્રંથ (ભાવગ્રં) જીનેશ્વરે બતાવેલા છે. આ મનુષ્ય લોકમાં આગમન ધર્મરહિત છે. અર્થાત્ ઘર છોડીને દીક્ષા લીધા પછી પાછા ઘેર જવાની ઇચ્છા કરતા નથી, પણ પોતાની દીક્ષામાં લીધેલી પ્રતિજ્ઞા પૂરીવાળી પંચ મહાવ્રતનો ભાર વહન કરે છે, વળી જેનાવડે આજ્ઞા કરાય તે જીનેશ્વરનું વચન તેજ મારો ધર્મ છે. તેથી તેને બરોબર પાળે, અથવા ધર્મનું અનુષ્ઠાન પૂરેપુરૂં કરે, અને વિચારે કે ધર્મ તેજ મારે સાર છે, બાકી બધું પાર્

(અસાર) છે, એથી હું તીર્થંકરના ઉપદેશ વડે વિ
નુસારે બરોબર ક્રિયા કરૂં. પ્ર–ધર્મ કેવીરીતે આજ્ઞાથી .
તે કહે છે, 'एषः' આ બતાવેલો ઉત્તર (ઉત્કૃષ્ટ)
અહિં મનુષ્યોને કહેલો છે. 'किंच' વળી આ કર્મ
કરવાના ઉપાયરૂપ સંયમમાં સમીપ (અંદર) રત (હી
થઈને આઠ પ્રકારના કર્મને ઝોષતો (દૂર કરતો)
પાળે વળી બીજું શું કરે ? તે કહે છે.

જેનાવડે ગ્રહણ કરાય તે આદાનીય (કર્મ) છે,
જાણીને મૂળ ઉત્તર પ્રકૃતિનું વિવેચન કરે, અર્થાત્ સાધુ
નિર્મળ પાળીને ક્ષય કરે. અહીં સંપૂર્ણ કર્મ દૂર કરવા
અસમર્થ જે બાહ્યતપ છે, તેને આશ્રયી કહે છે, આ
સિદ્ધાંતમાં કેટલાક શિથીલ (ઓછાં) કર્મવાળાને એક
એટલે એકલ વિહારની પ્રતિમા અંગીકાર કરેલી હોય
તેમાં જુદી જુદી જાતીના અભિગ્રહો તપ તથા ચારિ
સંબંધી ધારણ કરેલા હોય છે. તેથી આભૃતિકાને આશ્ર
કહે છે, તે એકાકી વિહારમાં બીજા સામાન્ય સાધુથી વિશે
પ્રકારે અંતપ્રાંત કુલોમાં દશ પ્રકારની એષણા દોષરહિ
આહાર વિગેરેની શુદ્ધ એષણાવડે તથા સર્વ એષણા તે આ
એષણા. આહાર વિગેરે સંબંધી ઉદ્‌ગમ ઉત્પાદ તથા
એષણા સંબંધી પરિશુદ્ધ વિધિએ સંયમમાં વર્તે છે,
પણામાં એક દેશપણાને કહે છે, તે મર્યાદામાં રહેલો

परिक्कमंतं मुञ्जो अचेलं तणफासा फुसंति फासा फुसंति तेउफासा फुसंति दंसमसग फुसंति एगयरे अन्नयरे विरूवरूवे फासे अ सेइ अचेले लाघवं आगममाणे, तवे से अ मन्नागए भवइ, जहेयं भगवया पवेइयं तमेव अ समिच्चा सव्वओ सव्वत्ताए संमत्तमेव समभि णिज्जा, एवं तेसिं महावीराणं चिररायं पु वासाणि रीयमाणाणं दवियाणं पास आहियां (सू० १८९)

આ ઉપર બતાવેલું અથવા હવેપછી, કહેવાતું (ગ્રહણ કરાય તે આદાન.) તે કર્મનું ઉપાદાન છે, અને કર્મ ઉપાદાન થવાનું કારણ સાધુને જોઇતાં ધર્મઉપ થી અધિક પ્રમાણમાં હવેપછી કહેવાતાં વસ્ત્ર વિગેરે વધારાનાં વસ્ત્ર વિગેરેને મુનિએ ત્યાગ કરીદેવાં.

પ્રઃ—તે મુનિ કેવો હોય છે ?

ઉઃ—તે સદાએ સારીરીતે વર્ણવેલા ધર્મવાળો એટલે, તેને સંસાર-ભ્રમણનો ડર હોવાથી પોતાને અર્પ કરેલાં મહાવ્રતનો ભારવાહી છે, તથા વિધૂત (ધુણ એટલે, સારીરીતે જેણે કલ્પ-(સાધુનો આચાર) આત્મા ફરસ્યો છે, તેવો મુનિ આદાન-(કર્મને) ખેરવશે.

પ્રઃ—તે વસ્ત્ર વિગેરે આદાન કેવાં હોય; કે તે
કરવાંપડે ?

ઉઃ—(અલ્પ-અર્થમાં નકાર છે. જેમકે—આ સાધુ
જ્ઞાન છે. એટલે, અલ્પજ્ઞાનવાળો છે, તે પ્રમાણે અર્થ
તાં) સાધુ અચેલ એટલે, અલ્પ વસ્ત્ર રાખનારો સંય-
માં રહેલો છે, તેવા સાધુ (ભિક્ષુ) ને આવું વિચારવું ન
રવે કે, મારૂં વસ્ત્ર જીર્ણ થઇગયું છે. હું અચેલક થઈશ.
ને શરીરનું રક્ષક વસ્ત્ર નથી; તેથી, ટાઢ વિગેરેથી મારૂં
રક્ષણ કેમ થશે ? તેથી, હું વિના વસ્ત્રનો થયો છું. તેથી,
કોઈ શ્રાવકને ત્યાં જઇ વસ્ત્ર યાચીલાવું; અથવા તે જીર્ણ-
વસ્ત્રને સાંધવાને સોય-દોરો યાચીશ; અથવા જ્યારે સોય-
દોરો મળશેઃ ત્યારે, જીર્ણવસ્ત્રનાં કાણાંને સાંધીશઃ ફ ટેલાંને
સીવીશઃ અથવા ટુકાં વસ્ત્રને જોડી મોટું બનાવીશ; અથવા,
લાંબાનો ટુકડો કાપી સરખું અથવા, નાનું બનાવીશ.

એમ યોગ્ય બનાવીને હું પહેરીશ; તથા. શરીર ઢાંકીશ.
વિગેરે, આર્ત્તધ્યાનથી વ્યાકુળ થયેલી અંતઃકરણની વૃત્તિ ધર્મમાં
એકચિત્ત રાખનાર આત્માર્થી સાધુને વસ્ત્ર જીર્ણ થવા છતાં,
અથવા હોય નહીં; તોપણ, ભવિષ્ય સંબંધી (ચિંતા) ન થાય.

અથવા આ સૂત્ર જિનકલ્પીઓને આશ્રયી કહેલું છે.
જેમ જાણવા કરતી કારણકે, તે મુનિઓ અચેલ (વસ્ત્રરહિત)
હોય છે, તથા તેમના હાથમાંથી તેમની તપશ્ચર્યાની લબ્ધિને

લીધે પાણીનું બિંદુ પણ ન ગળતું હોવાથી તેઓ પાણિ પાત્ર કહેવાય છે.

પાણિ એટલે, હાથ. અને હાથમાંજ ભોજન લઈને કે છે. તેમને પાત્રાં વિગેરેનો સાત પ્રકારનો નિયોગ હોતે નથી; (કારણકે, તેવો તેમનો અભિગ્રહ છે.) તથા, કલ્પ વસ્ત્ર પણ ત્યાગેલ છે. ફક્ત, તેમને રજોહરણ, તથા મુખ વસ્ત્રિકા (ઓઘો, અને મુહુપત્તિ) માત્ર હોય છે તેવા અચેલ જિન-કલ્પીમુનિને ઉપર કહેલ આર્ત્તધ્યાન વસ્ત્ર ફાટવા-સાંધવા વિગેરે સંબંધી ન હોય. (કારણકે, ધર્મી વસ્ત્ર તેના અભાવથી ધર્મ-ફાટવું વિગેરેનો અભાવ છે જ્યારે, ધર્મી હોય; ત્યારે, ધર્મ શોધવો; એ ન્યાયનો ઉત્તમ માર્ગ છે.) તથા, જિન-કલ્પીમુનિને આવું પણ ન હોય કે હું બીજું નવું વસ્ત્ર યાચીશ; એ બધું પૂર્વગાફક જાણવું.

વળી, જેને જિન-કલ્પી જેવી લબ્ધિ ન હોય; તેવે સ્થવિર કલ્પી-સાધુ હાથમાંથી પાણી વિગેરેનું બિંદુ નીચે પડે છે તેથી, તેઓ પાત્રના નિયોગયુક્ત હોય છે, અને વસ્ત્રનાં કલ્પ પ્રમાણે ત્રણમાંથી કોઇપણ એક વસ્ત્ર હોય; તેવો મુનિ પણ વસ્ત્ર વિગેરે જીર્ણ થવાથી કે, નાશ થવાથી નવું ન મળે; ત્યાં સુધી આર્ત્તધ્યાન ન કરે; તથા, જે અભિગ્રહિકર્મી (નિસ્પૃહી) હોય; તેવાને સોય-દોરો ફાટેલાને સાંધવા માટે પણ શોધવાનું ન હોય, (જેને ઉપરોક્ત

સમ્યકત્વ એટલે પ્રશસ્ત અથવા શોભન ,
એક સંગતવાળું (જેનાથી એકાંત હિત થાય તેવું) ૯
તે સમ્યકત્વ છે. કહ્યું છે કેઃ—

" प्रशस्तः शोभनश्चैव, एकः सङ्गत एव च । इ
तैरुप सृष्टस्तु, भावः सम्यक्त्वमुच्यते " ॥ १ ॥

પ્રશસ્ત શોભન એક સંગતવાળો જે ભાવ થાય
સમ્યકત્વ છે (ભાવાર્થ ઉપર આવેલ છે)

આવું સમ્યકત્વજ અથવા સમત્વજ સારી રીતે સમ
વિચારે, કે પોતે અચેલ હોય અને બીજો એક વસ્ત્ર વિ
રાખનારો હોય, તેને પોતે નિંદે નહિં. કહ્યું છે કેઃ-

"जोऽवि दुवत्थ तिवत्थो एगेण अचेलगो व संथरा
ण हु ते हीलंति परं सव्वेऽवि य ते जिणाणाए" ॥

જે બે વસ્ત્ર ધારણ કરે, ત્રણ વસ્ત્ર ધારણ કરે, અથ
એક વસ્ત્ર રાખે, અથવા અચેલક ફરે, પણ તે બધા જી
શ્વરની આજ્ઞામાં વર્તે છે, તેથી એક બીજાને નિંદે નહીં.

"जे खलु विसरसकप्पा संघयणधियादिकारणं प
णाऽवमन्नइ ण य हीणं अप्पाणं मन्नई तेहिं ॥ २ ॥

જેઓ જુદા જુદા કલ્પવાળા છે, તેઓ શરીર સંઘય
તથા ઓછી વધતી ધૈર્યતાને લીધે છે તેથી એક બીજાને
અપમાન ન કરે, તેમ ઓછાપણું ન માને, (એટલે પોતાન

સંસારશ્રેણી જે રાગદ્વેષરૂપ કષાયની સંતતિ છે,
ક્ષાંતિ વિગેરે ગુણો ધારીને વિશ્રેણી (નષ્ટ) કરીને
